NATIONAL SENIOR CERTIFICATE EXAMINATION
NOVEMBER 2013

# GUJARATI HOME LANGUAGE: PAPER II

Time: 2½ hours | 80 marks

---

**PLEASE READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY**

1. This question paper consists of 8 pages. Please check that your question paper is complete.
2. Read the questions carefully.
3. Number your answers exactly as the questions are numbered.
4. In your own interest write legibly and present your work neatly.

---

IEB Copyright © 2013

## SECTION A

**પ્રશ્ન–૧.૧ નીચે આપેલા પદ્યોમાંથી કોઈ પણ બે પદ્યોને તમારા શબ્દોમાં આઠ થી દસ વાક્યોમાં સમજાવો.**

અ. કેવળ અહીંયા તમે જ મહાલો? બીજાને પડતો
ના ઝાલો?
તરસ્યાને આપો ના પ્યાલો?
માન વગર ડગલું ના ચાલો?
અરે, જૂઓ આ દૂર દૂરથી સાવ
અચાનક આવીને
અમૃત વરસાવી જાતાં વાદળ
કદી ના માંગે માન.
એટલે જીવી રહ્યો છુ (10)

બ. સાગરને તીરે એક ટટળે ટિટોડી
ચીરી આકાશ એની ઊઠે છે ચીસ,
"સાગર ગોઝારા હો, ઈંડા મારા દે".
ટટળી કળેળટી કાઢે છે રીસ.
મસ્તીના ઘેનમાં ગાજે મેરામણો,
'છો ને ટિટોડી પેલી ટટળી મરે.
ડુંગર શાં જહાજ મૈં કૈં ડુબાવિયાં,
ઈંડા ભૂંડા તારાં પાછાં ફરે.' (10)

ક. એક જ દે ચિનગારી,
મહાનલ, એક જ દે ચિનગારી
ચકમક લોઢું ઘસતાં ઘસતાં,
ખરચી જિંદગી સારી,
જામગરીમાં તણખો ન પડયો,
ન ફળી મહેનત મારી.
મહાનલ, એક જ દે ચિનગારી.
ચાંદો સળગ્યો સૂરજ સળગ્યો,
સળગી આભ અટારી,
ના સળગી એક સગડી મારી,
વાત વિપતની ભારી,
મહાનલ, એક જ દે ચિનગારી. (10)

IEB Copyright © 2013

ડ. જાત્રાળુઓ જોઈને આ મૂર્ખતાનું કામ,
ઠેકડી કરવા લાગ્યા વ્યંગમાં તમામ.
એક ડાહ્યો આવી વદ્યો, "મૂર્ખ! ગંગાજળ
બગાડયું તે; ફેરો તારો જશે રે અફળ,
હવે રામેશ્વર જઈ શાનો અભિષેક
કરીશ? ગધેડા જેવું કર્યું તે તો છેક".
ગધેડાનો પ્રાણદાતાકહે જોડી કર,
"નેત્રજળે ન્હવાડીશ પ્રભુ રામેશ્વર". (10)

**[20]**

## અથવા

## પ્રશ્ન–૧.૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઇપણ બે પ્રશ્નોનાં જવાબ લખો.

૧.૨.૧ અ. કોણ માન નથી માંગતું ? (2)

બ. કોણ માન વગર ડગલું નથી ચાલતું ? (2)

ક. કવિ શા માટે જીવી રહયા છે ? (2)

ડ. નીચે આપેલા શબ્દોના સામાનાર્થી લખો.
ડગલું પ્યાલો (2)

ઙ. નીચે આપેલા શબ્દોના વિરોધી લખો.
માન અમૃત (2)

## અથવા

૧.૨.૨ અ. સાગરને તીરે ટિટોડી શા માટે ચીસ પાડે છે? (2)

બ. સાગરને કઈ વાતનું અભિમાન છે? (2)

ક. ટિટોડી સાગરને શું કહે છે ? (2)

ડ. નીચે આપેલા શબ્દોના સામાનાર્થી લખો.
સાગર આકાશ (2)

ઙ. ટિટોડી અને સાગર કવિતાના કવિ........ છે. (2)

IEB Copyright © 2013 

## અથવા

૧.૨.૩ અ. એક જ દે ચિનગારી કાવ્યમાં કવિએ ઈશ્વરને કયા નામે બોલાવ્યા છે ? (2)

બ. એક જ દે ચિનગારી કાવ્યમાં કવિ ઈશ્વર પાસે શું માંગે છે ? (2)

ક. એક જ દે ચિનગારી કાવ્યમાં કવિને કઈ વાત વિપત્તિકારક લાગે છે ? (2)

ડ. નીચે આપેલા શબ્દોના સામાનાર્થી લખો.

સૂરજ ચાંદ (2)

ઇ. ખાલી જગ્યા પૂરો.

ચકમક.......ઘસતાં ઘસતાં, ખરચી.......સારી (2)

## અથવા

૧.૨.૪ અ. એકનાથની બીજા યાત્રાળુઓ કેમ મશ્કરી કરે છે? (2)

બ. યાત્રાળુઓ એકનાથને શું પૂછે છે? (2)

ક. એકનાથ યાત્રાળુઓને તેનોશો જવાબ આપે છે? (2)

ડ. સફળ યાત્રા કવિતાના કવિ........છે (2)

ઇ. નીચે આપેલા શબ્દોના સામાનાર્થી લખો.

જળ નેત્ર (2)

**[20]**

IEB Copyright © 2013

**પ્રશ્ન–૨ નીચે આપેલા કાવ્યની સમજૂતી તમારા શબ્દોમા વર્ણવો.**
**(સાત થી આઠ વાકયો)**

પુરી એક અંધેરી નગરી ને ગંડુ રાજા
ટકે શેર ભાજી ટકે શેર ખાજા,
બધી ચીજ વેચાય ત્યાં ભાવ એકે,
કદી સારી બુરી ન વેચે વિવેકે,
ત્યહાં જઇ ચડયા બે, ગુરુ એક ચેલો,
ગયો ગામમાં માંગવા શિષ્ય પેલો;
લીધી સુખડી હાટથી આપી આટો,
ગુરુ પાસ જઇને કહે ખૂબ ખાટયો.

**અઘરા શબ્દો:**

પુરી = નગરી  હાટ = દુકાન

ટકે = ત્રણ પૈસા  સુખડી = ખાવાની ગળી ચીજ

ખાટયો = ફાવી ગયો  આટો = લોટ

**[10]**

## અથવા

૨.૧ આ કાવ્યમાં કયા બે પાત્રો છે? (2)

૨.૨ આ કાવ્યમાં નગરનૂં નામ શું છે? ઃરાજાનું નામ શું છે? (4)

૨.૩ ત્યાં બધી ચીજોના ભાવ શું છે? (2)

૨.૪ શિષ્ય આટો આપીને શું લઇ આવે છે (2)
**[10]**

**30 marks**

IEB Copyright © 2013

## SECTION B

**નીચે આપેલા બંને વિભાગ બી અથવા સી માંથી ફરજિયાત**

**રૂપે એક ટૂંકો પ્રશ્ન અને એક લાંબો પ્રશ્ન પસંદ કરવાનો રહેશે.**

**પ્રશ્ન–૩ (‘ભગવાનની નિર્ધનતા’ ઉપન્યાસમાંથી)**

‘ભગવાનના સાચા ભક્ત’ રંકા વંકાની વાત તમારા શબ્દોમાં કરો.

**[25]**

**અથવા**

૩.૧ લોકો પર પતિ પત્નીની છાપ કેવી હતી? (4)

૩.૨ પ્રભુને ગુણની કદર નથી એમ નારદ શાથી કહે છે? (5)

૩.૩ ભગવાન પોતાને નિર્ધન શાથી કહે છે? નારદ એમને સ઼ શાથી કહે છે? (5)

૩.૪ ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો.

૩.૪.૧ નિર્ધન કોઈ નથી,તમારા વડે એ સધન છે ને એમના વડે તમે સધન છો.......પામનારાં માટીના ઢેફાને શાનાં પકડે? (2)

૩.૪.૨ અહીં સોનામહોરની થેલી પડેલી છે એને.......વડે ઢાંકી રહયો છું. (2)

૩.૫ નીચે આપેલા શબ્દોનાં સમાનાર્થી શબ્દો લખો.

વક્ષ ચરણ (2)

૩.૬ નીચે આપેલા શબ્દોનાં વિરોધી શબ્દો લખો.

ગાંડાં ભારે હસવું ગુણ

ઝૂપડી (5)

**[25]**

**25 marks**

IEB Copyright © 2013

**SECTION C**

## પ્રશ્ન–૪ (જેસલ તોરલ સંવાદ પરથી)

૪.૧ મછવો ડુબવાની તૈયારીમાં છે ત્યારે તોરલ જેસલને ક્યા પરાક્રમની યાદ અપાવે છે (4)

૪.૨ જેસલ તોરલને પોતાનો ગુરુ કેમ બનાવે છે? (4)

૪.૩ નીચેના વાક્યો પૂર્વાપર સંબંધ આપી સમજાવો.

(પૂર્વાપર = કોણ બોલે છે, કોને કહે છે,અને ક્યારે કહે છે અથવા શા માટે કહે છે)

૪.૩.૧ એક ઘડીમાં તો ઘણું થાય, જેસલ!

૪.૩.૨ 'હું નગુરાની તું ગુરુ'. (6)

૪.૪ નીચેના વાક્યોમાંથી ક્રિયાવિશેષણ શોધી લખો.

૪.૪.૧ અત્યારે કેમ ડરે છે?

૪.૪.૨ સાવધાન !સામેથી ત્રીજી તાડ આવી.

૪.૪.૩ તું માગીશ તો પ્રભુ જરુર ક્ષમા આપશે. (3)

૪.૫ નીચે આપેલા રુઢિપ્રયોગોનો સાચો અર્થ શોધી 'ખરા'ની નિશાની કરો.

૪.૫.૧ સમય પૂરો થઇ જવો.

અ. હારી જવું.

બ. ઘડિયાળ તૂટી જવી.

ક. મોત નજીક આવવું.

૪.૫.૨ ખુશીનો પાર ન હોવો

અ. ખુશી થવી

બ. પોતાના વખાણ કરવા.

ક. અનહદ આનંદ થવો. (3)

૪.૬ નીચેના ફકરામાં યોગ્ય ચિન્હ ભરો

એક જંગલ હતું જંગલમાં સરોવર હતું સરોવરમાં બગલાભાઈ રહે એક દિવસ એક શિયાળ આવ્યું બંનેની દોસ્તી થઈ શિયાળે પૂછયું બગલાભાઈ તમે મારે ઘેર જમવા આવશો (5)

**[25]**

**અથવા**

## પ્રશ્ન–૪ (જેસલ તોરલ સંવાદ પરથી)

જેસલ અને તોરલ વચ્ચેનો સંવાદ વાર્તા રુપે લખો. **[25]**

**25 marks**

**Total: 80 marks**

IEB Copyright © 2013